# ૧૮ મું જ્ઞાનસત્ર - ક્રિયાત્મક સંશોધન

## અહેવાલ

## શાળાના ૮૫ શિક્ષકોનાં ૮૫ વિવિધ વિષય પર સંશોધન કાર્ય અને પ્રેઝન્ટેશન

**તા. ૧૧/૧૦/૨૫-શનિવાર**

ક્રિયાત્મક સંશોધન એ શિક્ષણ ક્ષેત્રમાં એક પ્રયોગાત્મક અને સુધારાત્મક પ્રક્રિયા છે. જે સતત વિકાસ અને ગુણવત્તા વૃદ્ધિ માટે અત્યંત જરૂરી છે. આ હેતુસર શાળામાં **૧૮ મું જ્ઞાનસત્ર, "ક્રિયાત્મક સંશોધન"** પરત્વે યોજાયું. જેમાં શાળાનાં શિક્ષકોએ શાળાની જુદી-જુદી સમસ્યા લઇ તેના ઉકેલ માટે આયોજન, અમલીકરણ અને મૂલ્યાંકનની ક્રિયાઓ કરી તેના અહેવાલ સાથે ખૂબ સુંદર રજૂઆત કરી. **શાળાનાં ૮૫ શિક્ષકોએ ૮૫ સંશોધન પેપરનું પ્રેઝન્ટેશન કર્યુ.** શિક્ષણ ક્ષેત્રમાં વિદ્વાન, પી.એચ.ડી. થયેલા મહાનુભવો દ્વારા સંશોધકોના વાઇવા પણ લેવાયાં અને અન્ય શ્રોતાગણ શિક્ષકો થકી ખૂબ સારી પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી.

**આ જ્ઞાનસત્રનાં ઉદ્‌ઘાટન સમારોહમાં મા.શ્રી. ડૉ. ધીરજભાઇ પરમાર (પ્રિન્સિપાલ, બી.એડ્. કોલેજ, આણંદ), મા.શ્રી ડૉ. આઇ. કે. અન્સારી (પ્રિન્સીપાલ, બી.એડ્. કોલેજ, ખરોડ), મા.શ્રી ડૉ. મિલનભાઇ શાહ (નિવૃત્ત પ્રિન્સિપાલ, અનડા બી.એડ્. કોલેજ, બોરસદ), મા.શ્રી ડૉ. પિનાકીનભાઇ યાજ્ઞિક (નિવૃત્ત એસોસીયેટ પ્રોફેસર, આણંદ એજયુકેશન કોલેજ, આણંદ), મા.શ્રી ડૉ. જયંતભાઇ શાહ સાહેબ (નિવૃત્ત પ્રન્સિપાલ, બી.એડ્. કોલેજ, ખરોડ), મા.શ્રી. હેમંતભાઇ પ્રજાપતિ (ચેરમેનશ્રી, નારાયણ વિદ્યાલય, ભરૂચ) તથા શાળાનાં ડાયરેકટરશ્રી ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ તેમજ શાળાનાં આચાર્ય શ્રી જિજ્ઞેશભાઇ જોષી (નોનગ્રાન્ટેડ વિભાગ, ગુ.મા.), શ્રીમતી બિનિતાબેન ગોહિલ (ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.), શ્રીમતી વિદ્યાબેન રાણા (અંગ્રેજી માધ્યમ) તેમજ શાળાનાં તમામ શિક્ષકમિત્રો, વહીવટી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.** મહાનુભવોએ આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકેની કામગીરી પણ નિભાવી હતી. જેમણે સંશોધન વિષયમાં વિષયવસ્તુનું ઊંડાણ માપી જ્ઞાનનું આદાન-પ્રદાન કર્યુ હતું.

**મા.શ્રી. ડૉ. ધીરજભાઇ પરમાર (પ્રિન્સિપાલ, બી.એડ્. કોલેજ, આણંદ) સાહેબે** પ્રસંગોચિત ઉદ્‌બોધન આપતાં જણાવ્યું કે, નારાયણ વિદ્યાલય જ્ઞાનસત્રો થકી શિક્ષક સજજતાની ધાર કાઢે છે. જ્ઞાનની ઉપાસના કરવી. એનાથી મોટું બીજું કાર્ય કયું હોઇ શકે. શબ્દમાં ઘણી મોટી તાકાત છે. આપણે બધા શબ્દોનાં ઉપાસક છે. આપણે વિદ્યાર્થીને જાણવાનાં છે. જાણીને ભકિતભાવપૂર્વક કાર્ય કરવાનું છે. શબ્દ વ્યકિતનાં હૈયે વાગે છે ત્યારે કંઇક નવું નિર્માણ થાય છે. બ્રહ્મલીન પરમ પૂજય નારાયણ બાપુનાં કેળવણી વિશેનાં શબ્દો આદરણીય શ્રી જયંતિભાઇ ડી. પંચાલ તથા આદરણીય સ્વ. રાવજીભાઇ પ્રજાપતિનાં હૈયાને સ્પર્શયા અને આજે આ શાળા બીજમાંથી છોડ, છોડમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી વટવૃક્ષ બની ગઇ છે. તેમણે શાળાની સિદ્ધિઓ, શાળામાં ચાલતાં અવનવા પ્રોજકટની, શાળાની ધરોહર વિકાસમાં આપેલ વિવિધ વ્યકિતઓનાં યોગદાનની વાત કરી. ભરૂચની શ્રેષ્ઠ શાળા તરીકે ૪ એવોર્ડથી શાળા સન્માનિત થઇ છે. જે પ્રશંસાને પાત્ર છે. તેમણે જણાવ્યું કે, જયાં સ્વના નહી, સર્વનો વિચાર છે. ત્યાં કશું ખૂટતું નથી અને કેળવણી આપણને આ જ શીખવે છે.

**શ્રી ડૉ. પિનાકીનભાઇ યાજ્ઞિક (નિવૃત્ત એસોસીયેટ પ્રોફેસર, આણંદ એજયુકેશન કોલેજ, આણંદ) સાહેબે** પોતાની કાવ્યમય વાણીમાં પોતાનાં વિચારોને વાચા આપી હતી. તેમણે જણાવ્યું કે, સંસાર પરિવર્તનશીલ છે. જે પરિવર્તનનો સ્વીકાર કરે છે. તે જ આગળ વધે છે. જેટલાં ઊંચે જવું હોય તેટલા મનથી ઉન્નત વિચારો જોઇએ. તેમણે પોતાના શિક્ષણ સમયની વાતને જણાવતા કહ્યું કે, "અમે તો લખોટીનાં માણસ, તમે તો કોમ્પ્યુટરનાં માણસ આપણે સૌએ મારે શું ?, મારું શું ? ની ભાવનાથી પર જઇ કાર્ય કરવાનું છે. "આફતને પણ અવસરમાં પરિવર્તિત કરે તે શિક્ષક છે."

**મા.શ્રી ડૉ. જયંતભાઇ શાહ સાહેબનો વાર્તાલાપ (નિવૃત્ત અધ્યાપક, બી.એડ્. કોલેજ, ખરોડ)** જેમણે આ ક્રિયાત્મક સંશોધનમાં ખૂબ સારું યોગદાન આપ્યું છે. શિક્ષકોનાં સંશોધન વિષયમાં ચર્ચા કરી યોગ્ય માર્ગદર્શન આપી સંશોધન પ્રક્રિયામાં મદદરૂપ બન્યાં હતાં. અહેવાલ ચકાસણી કરી ભૂલો નિવારી હતી.

તેમણે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, શાળાનાં શિક્ષકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક કામ કર્યુ છે. આપણે ચાવી આપેલા રમકડા નથી બનવાનું. પણ ભણાવતા ભણાવતાં જે મુશ્કેલીઓ આવે તેને ધ્યાનમાં લઇ સંશોધનનાં કેટલાંક ઉદાહરણો રજૂ કર્યા. મોબાઇલનાં મર્યાદિત ઉપયોગની વાત કરી વિચારશકિત ખીલવવાનું કે, તમારું આ સંશોધન એવોર્ડ તરફ જવાનું પગથિયું છે.

**મા.શ્રી ડૉ. આઇ.કે.અન્સારી (કાર્યકારી પ્રિન્સીપાલ, બી.એડ્. કોલેજ ખરોડ) સાહેબે** જેમણે અગાઉ શાળાનાં શિક્ષકોને ક્રિયાત્મક સંશોધન એટલે શું ? તેના સોપાનો વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપી સંશોધનનું અને બીજ રોપવાનું કાર્ય કર્યુ હતું.